**આરોપી તર્ફે ફરીયાદી કમલેશભાઈ હીરાલાલ માળીની આંક–૪ની સરતપાસ લગત ઉલટ તપાસ વિ.વ.શ્રી ડી.એચ.મેઘવાણી**

**સોગંધ આપ્યા**

(૧) હુ ધોરણ ૧૦સુધી ભણેલ છુ. મે સને ૨૦૨૨થી ધીરધારનો ધંધો કરુ છુ. મે નાણાં ધીરધારનુ લાઈસન્સ સને ૨૦૨૨મા મેળવેલ છે.

સવાલ :– તમે સને ૨૦૨૨મા નાણાં ધીરધારનુ લાઈસન્સ મેળવ્યા પહેલા પણ નાણાં ધીરધારનુ કામકાજ કરતા હતા?

જવાબ :– હુ મારા પિતાની સાથે તેમના ધંધામા મદદ કરાવતો હતો.

એ વાત ખરી છે કે, નાણાં ધીરધારનુ લાઈસન્સ મારા તથા મારા ભાઈ નરેશ હીરાલાલ માળીના નામે નોધાયેલ છે. એ વાત ખરી છે કે, મે તથા મારા ભાઈએ ભાગીદારીમા ધંધો શરુ કરેલો. આ ધંધા માટે અમે કોઈ પાર્ટનરશીપડીડ બનાવેલ નથી. અમે કોઈ નફા નુકશાનની ટકાવારી પણ નકકી કરેલ નથી. મારા ધંધાનુ નામ કમલેશ હીરાભાઈ માળી નામ છે. એ વાત ખરી છે કે, નાણાં ધીરધારનુ લાઈસન્સ મેળવતા પહેલા ધંધાને લાગતા વળગતા તમામ દસ્તાવેજો સરકારી ધીરધાર ખાતામા જમા કરાવવા પડે. ધીરાણ અધિકારી કહે તે તમામ દસ્તાવેજો રજુ રાખવા પડે છે. અમે અમારા ધંધાના નામે બેન્કમા કોઈ ખાતુ ખોલાવેલ નથી. એ વાત ખરી છે કે, નાણાં ધીરધારનુ લાઈસન્સ ધરાવતો હોવાથી મારા લાઈસન્સવાળા ધંધાનુ ખાતુ ખોલાવવુ જરુરી છે.

સવાલ :– તમારે આવક તથા જાવકના તમામ વ્યવહારો નાણાં ધીરધારનુ લાઈસન્સ ધરાવતા હોય તે લાઈસન્સવાળા ધંધાના નામના ખાતામાથી કરવા પડે?

જવાબ :– સાચી વાત છે.

એ વાત ખરી છે કે, હુ બે વર્ષથી નાણાં ધીરધારનો ધંધો કરતો હોવાથી મની લોન્ડરીગ એકટની જોગવાઈઓથી વાકેફ છુ. કોઈ વ્યકતી નાણાં લેવા આવે ત્યારે નમુના ૧૧ મુજબનો નમુનો ભરવાનો હોય છે. એ વાત ખરી છે કે, નમુના ૧૧મા નાણાં લેનાર વ્યકતીનુ નામ સરનામાની વીગત, નાણાં આપનારનુ નામ, ધીરેલ રકમ,તારીખ,વ્યાજનો દર તથા રકમ આપતી વખતે કોઈ વસ્તુ જમા લીધેલ હોય તેની વીગતો તથા સમયગાળો ભરવાનુ હોય છે.

સવાલ :– નાણાં લેવા આવનાર વ્યકતીનો ફોટો,આધારકાર્ડ તથા મોબાઈલ નંબરની વીગત તમે લો છો?

જવાબ :– અમે ચેક લઈએ છીએ આવી વસ્તુ નથી લેતા.

એ વાત ખરી છે કે, ફોર્મ નં. ૧૧મા આ ચેકની વીગતો લખી બન્ને પક્ષોની સહીઓ કરીએ છીએ. એ વાત ખરી છે કે, પહોચ નં.૧૨મા નાણાં લેનાર વ્યકતીએ કેટલી રકમ જમા કરાવી અને કેટલી બાકી રહે છે તેની વીગત તેમા ભરવાની હોય છે. અમે રોકડ તથા દાગીના બન્ને પર ધીરાણ કરીએ છીએ. એ વાત ખરી છે કે, પહોચ નં.૧૨ મુજબ દર વર્ષે અમારા

ધંધાની આવક જાવકનુ એસેસમેન્ટ તથા ઓડીટ પણ કરાવવાનુ હોય છે. એ વાત ખરી છે કે, ધીરધાર અધિનીયમની કલમ ૧૯મુજબ અમારે ધંધાના આવક જાવક,રોજમેળ,નફાનુકશાન ખાતુ અને કાચુ તેમજ પાકુ સરવૈયુ વીગેરે નીભાવવાનુ હોય છે. મને એ વાતની ખબર નથી કે, કલમ ૧૯ મુજબ ફરજીયાતપણે નીભાવવા પડતા ચોપડા નીયમીતપણે નીભાવવામા ન આવેતો નાણાં ધીરધારના અધિનીયમના ભંગ બદલ શીક્ષાત્મક પગલા પણ લેવાતા હોય છે.

(૨) હુ બે અઢી વર્ષ સમથીગથી આરોપીને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, મે મારી વૈધાનીક નોટીશ,આંક–૧ની ફરીયાદ તથા મારા સરતપાસના સોગંધનામામા વાંચી સમજી અને તેમા સહી કરેલ છે. મે મારી વૈધાનીક નોટીશ,આંક–૧ની ફરીયાદ તથા મારા સરતપાસના સોગંધનામામા વીગતોની જાણકારી વકીલ સાહેબને આપેલી તે મુજબ તેમા લખાયેલ છે. આરોપી શાકમાર્કેટમા હોલસેલ શાકભાજીનો ધંધો કરે છે. એ વાત ખરી છે કે, આરોપી શાક માર્કેટમા હોલસેલ શાકભાજીનો ધંધો કરે છે તે વીગત મારી પાસે મે વૈધાનીક નોટીશ,આંક–૧ની ફરીયાદ તથા મારુ સરતપાસનુસોગંધનામુ મે લખાવ્યુ ત્યારે હતી.

સવાલ :– આરોપીએ તમારી પાસે નાણાંની માંગણી કયારે કરેલી?

જવાબ :– મે તા. ૭/૭/૨૩ના રોજ આરોપીને પૈસા આપેલા તથા તેના બે ચાર દીવસ પહેલા માંગણી કરેલી.

એ વાત ખરી છે કે, પાંચ લાખ રુપીયા મારા માટે મોટી રકમ કહેવાય.

સવાલ :– રુપીયા પાંચ લાખ તમે તમારા ધંધાના ખાતામાંથી આરોપીને બેન્ક દવારા ચુકવેલ નથી?

જવાબ :– આ રકમ રોકડેથી ચુકવેલ છે.

એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદની સાથે આરોપીને રુપીયા પાંચ લાખ જે દીવસે રોકડા આપેલ તે દીવસે પાંચ લાખ રુપીયા મારી પાસે હાથ ઉપર હતા તેવુ દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે રોજમેળ લખીએ છીએ તેમા આ પુરાવો છે. મે આરોપીને નાણાં આપ્યા તે વખતે પહોચ નં.૧૧ ભરેલી. એ વાત ખરી છે કે, મે આજદીન સુધી નામદાર કોર્ટમા રોજમેળ તથા પહોચ નં.૧૧ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી આંક–૧ની ફરીયાદ,વૈધાનીક નોટીશ તથા સરતપાસના સોગંધનામામા નાણાં ધીરધારના લાઈસન્સથી નાણાં ધીરેલા તે સીવાયની વીગતો દર્શાવેલ નથી. હીસાબી નાણાંકીય વર્ષ તા. ૧/૪ થી શરુ થઈ ૩૧/૩ પુરુ થાય છે. અમે અમારુ વાર્ષીક ઓડીટ તૈયાર કરાવી નવરંગભાઈ શરાફ પાસે તૈયાર કરવા આપીએ છીએ. એ વાત ખરી છે કે,નવરંગભાઈ શરાફ સી.એ નથી.

સવાલ :– નવરંગભાઈ તમારા ચોપડા પોતાની રીતે આગળથી સી.એ પાસેથી તૈયાર કરાવડાવી તેનો અહેવાલ તમને મોકલી આપે છે?

આ પ્રશ્ન સામે ફરીયાદ પક્ષે વાધો લઈ વાધામા જણાવેલ છે કે ફરીયાદી લાઈસન્સથી ધીરધારનો ધંધો કરે છે ધીરધાર અધિકારીને તમામ દસ્તાવેજી પુરાવાઓ સુંપ્રત કરવામા આવે છે ફરીયાદીના વેપાર ધંધાના ચોપડાની અને સીએની બાબત આ ફરીયાદ સાથે સુશંગત નથી જેથી વાંધો ઉપસ્થીત કરેલ છે.

જયારે ફરીયાદ બચાવપક્ષે જણાવેલ છે કે આ ધંધાકીય વ્યવહાર ફરીયાદીએ બતાવેલ છે અને તે અંગેના તમામ ચોપડાઓ નીભાવતા હોવાની હકીકત જાહેર કરેલ છે અને તે આધારો તેમની હોવાનુ પણ જણાવેલ છે જેમા હાલનો ફરીયાદવાળા ચેક સાથે ઉપરોકત સવાલ સીધી રીતે સંકળાયેલ છે જેથી પુછવા પરવાનગી માગેલ છે.

બન્ને પક્ષોની ઉપરોકત રજુઆતને દયાને લઈ સદર પ્રશ્નની પુરાવાકીય ગ્રાહ્યતા અંગે આખરી ચુકાદામા નીર્ણય કરવાનો આખરી દલીલના તબકકે બે પક્ષોને આ અંગે વીગતવાર સાંભળી તેનો નીર્ણય આખરી ચુકાદામા કરવાનુ ઠરાવી હાલના તબકકે ફરીયાદ પક્ષના વાધા સાથે સદર પ્રશ્ન પુછવાની પરવાનગી આપી.

જવાબ :–અમારો આખો રીપોર્ટ સીએ તૈયાર કરે છે.

એ વાત ખરી નથી કે, અમે અમારા ચોપડા નવરંગભાઈને મોકલીએ છીએ અને નવરંગભાઈ સીએને મોકલે છે.

આ તબકકે રીસેસ સમય થતા વધુ ઉલટ તપાસ માટે કામ મુલત્વી.

તા.૧૭/૧/૨૦૨૫ મારી રૂબરૂ

દાહોદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા (એન.જી.સુરતી)

તે ખરી અને કબુલ રાખેલ છે. એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ

દાહોદ

(એન.જી.સુરતી)

એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

**<u>આરોપી તર્ફે ફરીયાદી કમલેશભાઈ હીરાલાલ માળીની આંક–જની સરતપાસ લગત વધુ ઉલટ તપાસ વિ.વ.શ્રી ડી.એચ.મેઘવાણી</u>**

**<u>ફરીથી સોગંધ આપ્યા</u>**

(૩) એ વાત ખરી છે કે, મહીનાના શરુઆતથી અંત સુધી થયેલ ધીરાણનુ સ્ટેટમેન્ટ ધીરધાર ઓફીસમા મોકલવાનુ હોય છે. એ વાતની મને ખબર નથી કે, સામાન્ય રીતે જે વ્યકતી નાણાં લે તેણે બે માસમા તે નાણાં ચુકતે કરવાના હોય છે. એ વાતની મને ખબર નથી કે, સામાન્ય રીતે બે માસની મુદતમા જો વ્યકતી નાણાં પરત ન ચુકવે તો સદર કાયદા મુજબ તેને નોટીશ આપી અથવા તેને બોલાવી વધારાનુ ફોર્મ નં.૧૫ ભરી તેમા તેની સહી કરી અને બન્ને પક્ષકારોની સહી લઈ મુદત વધારી દેવામા આવે છે. મે આરોપીને પાંચથી છ માસ માટે નાણાં વ્યાજે આપેલા. મે આરોપીની સાથે વાર્ષીક ૧૫ ટકા વ્યાજ નકકી કરેલ હતુ. એ વાત ખરી નથી કે, અમે જે તે વખતે નાણાં ધીરીયે તે વખતે નાણાં લેનાર પાસેથી નકકી કરેલ ટકાના દરે માગેલ મુદતનુ વ્યાજ એડવાન્સમા કાપી લઈએ છીએ. મારા ધંધાના કેટલા ગ્રાહક છે તેની મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે, અમે દૈનીક કલેકશન કરીને પૈસાની ઉઘરાણી કરીએ છીએ. અમે ઉઘરાણી માટે કોઈ માણસો રાખતા નથી. અમે ઉઘરાણી કરવા જતા નથી પૈસા જમા કરાવવા ઘરે આવે છે. અમારી ઓફીસ સોનીવાડ દાહોદ મુકામે આવેલ છે.

(૪) આરોપીએ નાણાં લીધા બાદ કોઈ વ્યાજ કે મુડી આપેલ નથી. બે મહીના સુધી વ્યાજ કે મુડી આરોપીએ ન આપતા મે ધીરધારના કાયદા મુજબની કોઈ નોટીશ આરોપીને આપેલ નથી. અમે આરોપીને ઓફીસે બોલાવીને પાવતી નં. ૧૫ ભરી તેની સહી સંમતી મેળવેલ હોય કે તેને સમય મર્યાદા લંબાવી આપેલ હોય તેવુ પણ બનેલ નથી. આરોપી જયારે મારી પાસેથી નાણાં લઈ ગયેલા ત્યારે મને આંક–૮વાળો ચેક મને આપેલો. એ વાત ખરી નથી કે, આરોપીએ મને માત્ર સહી કરી કોરો ચેક આપેલો. એ વાત ખરી નથી કે, આંક–૮વાળા ચેકમા સહી સીવાયની તમામ વીગતો મે ભરેલ છે.

સવાલ :– આંક–૮વાળો ચેક એકાઉન્ટ પે ચેક નથી?

જવાબ :– મને જેવો ચેક આપ્યો તેવો ચેક મે બેન્કમા જમા કરાવેલ છે.

એ વાત ખરી છે કે, આંક–૮વાળા ચેકમા સહી તથા આંકડામા લખેલ રકમની વીગત અંગ્રેજી ભાષામા લખેલ છે તથા બાકીની વીગતો ગુજરાતી ભાષામા લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૮વાળા ચેકમા મારુ નામ ઓવર રાઈટીગથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૮વાળા ચેકમા મારા પિતાના નામમા પણ છેકછાક થયેલ છે. મને એ વાતની ખબર નથી કે, આંક–૮વાળો ચેક તા. ૧૪/૨/૧૮ના વર્ષવાળી બુકમાથી આપેલાનુ તેના પર લખેલ છે. મે આંક–૮વાળો ચેક તા.૩૧/૫/૨૪ના રોજ અમારી અર્બન કો.ઓ.બેન્ક દાહોદમા દેખાડ કરવા માટે નાખેલ હતો. એ વાત ખરી છે કે, મારા ખાતામા આંક–૮વાળો ચેક તા. ૩૧/૫/૨૪ના રોજ જમા કરાવેલ તેવી હકીકત મારી વૈધાનીક નોટીશ,આંક–૧ની ફરીયાદ તથા મારા સરતપાસના સોગંધનામામા લખેલ નથી. આંક–૮વાળો ચેક અપુરતા ભંડોળના

શેરા સાથે પરત ફરેલો. આંક–૯વાળો મેમો મે મેળવેલ હતો અને તે મેમાનો અભ્યાસ પણ કરેલ હતો. એ વાત ખરી છે કે, આંક–૯નો મેમો નેમ ડીફર્સ ઓન એડવાઈઝના શેરા સાથે પરત ફરેલ છે. એ વાતની મને ખબર નથી કે કોઈ પણ ઈન્સ્ટુમેન્ટમા ઈન્સ્ટુમેન્ટ ભરતી વખતે છેકછાક થાય તો ચેક લખનારની સહી લેવી ફરજીયાત છે. મને એ વાતની ખબર નથી કે, કે ચેકચાકવાળો ચેક કોઈ પણ બેન્કમા સ્વીકારવા પાત્ર રહેતો નથી તેવો બેન્કીગ નીયમ છે.

સવાલ :– તમને આંક–૮વાળા ચેકમા ચેકચાક તથા ઓવર રાઈટીગમા ચેક લખનારની ટુકી સહી લેવાનુ વ્યાજબી લાગેલુ?

જવાબ :– મને આંક–૮વાળા ચેકમા ચેકચાક જણાયેલ નથી.

મે ૧૧ નંબરના ફોર્મ સીવાય મે બીજો કોઈ અન્ય આધાર ચેક સ્વીકારવા બાબતે આરોપીને આપેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૮વાળો ચેક મારી પેઢીના નામનો નથી. એ વાતની મને ખબર નથી કે અમારા ધંધાને આરબીઆઈના નીયમ પણ લાગુ પડે. ચેક પરત ફરતા આરોપીને તા. ૨૪/૬/૨૪ના રોજ આંક–૧૦વાળી નોટીશ આપેલી. આરોપી દવારા સદર નોટીશ રીફ્યુસ કરવામા આવેલ.

(૫) એ વાત ખરી છે કે, હુ ઈન્કમટેકસ રીર્ટન ભરુ છુ. મને એ વાતની ખબર નથી કે ઈન્કમટેકસ એકટની કલમ ૨૦ મુજબ કોઈ પણ વ્યકતીને રુપીયા વીસ હજારથી વધુ રકમની ચુકવણી કરવાની હોય તો ચેક મારફતે અથવા નેફટ અથવાતો અન્ય બેન્કીગ માદયમો દવારા ખાતામા ચુકવણી કરવાની હોય છે. એ વાત ખરી છે કે, મારો અને આરોપીનો ધંધો અલગ અલગ છે. એ વાત ખરી છે કે, અમારી વચ્ચે કોઈ ધંધાકીય વયવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે, ધીરધાર કાયદા મુજબ ધીરાણ વખતે પહોચ નંબર ૧૧ બનાવવામા આવે છે તેની એક નકલ નાણાં લેનારને આપવામા આવતી હોય છે અને એક નકલ અમારી પાસે હોય છે. એ વાત ખરી છે કે, મારી વૈધાનીક નોટીશ,આંક–૧ની ફરીયાદમા મારા ભાઈની કોઈ સહી નથી. એ વાત ખરી છે કે, મારા ભાઈએ હાલની ફરીયાદ દાખલ કરવા કે નોટીશ આપવા અમને કોઈ અલગથી સંમતી પત્ર લખી આપેલ હોય તેવુ પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મે મારી અંગત કેપેસીટીથી હાલની ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે, મે મારા અંતીમ સ્ટેટમેન્ટમા આરોપી પાસે ચેકવાળી રકમ લેણી થતી હોવાનુ દર્શાવેલ નથી. મારુ પાંચ લાખ રુપીયાનુ સવા ટકા લેખે માસીક વ્યાજ કેટલુ થાય છે તેનો મને અત્યારે ખ્યાલ નથી. આરોપીએ પૈસા લીધા ત્યારથી ફરીયાદ દાખલ કરી ત્યા સુધી નવ મહીના થયેલ છે.

સવાલ :– પાંચ લાખ રુપીયાની રકમનુ ૧૫ ટકા લેખે એક માસનુ વ્યાજ છ હજાર બસ્સો પચ્ચાસ લેખે ગણતા નવ માસનુ વ્યાજ છપ્પન હજાર બસ્સો પચ્ચાસ રુપીયા થાય છે?

જવાબ :– મારે ગણતરી કરવી પડશે.

મે પાંચ લાખ રુપીયાની રકમ પર નવ માસના વ્યાજની થતી રકમ અંગે આરોપીને કોઈ નોટીશ આપેલ નથી કે તે સંબંધે કોઈ અલગથી કોઈ કાર્યવાહી કરેલ નથી.

ક્રિ.કે.નં.– ૩૨૬૦/૨૦૨૪
આંક– જનું સાધણ

સવાલ :–તમને નીશાની ૧૭/૧ તથા નીશાની ૧૭/૨વાળી અસલ ડાયરી બતાવી પુછવામા આવે છે કે, તમારી પાસેથી સને ૨૦૨૦થી સને ૨૦૨૧ દરમ્યાન આરોપીએ ચાર લાખ તથા પાંચ લાખ રુપીયા લીધેલા હતા ?

જવાબ :– ખોટી વાત છે.

એ વાત ખરી નથી કે, આરોપીએ મને રુપીયા ચાર લાખ તા. ૭/૨/૨૦થી તા. ૪/૮/૨૦સુધીમા છમાસ દરમ્યાન દૈનીક રુપીયા ૨૩૦૦/–ના હપ્તાથી છ માસની અંદર ચુકવી આપેલ અને તે બાબતે અમો દવારા આપવામા આવેલ ડાયરી દવારા અમારા માણસો મારફતે રકમ સ્વીકારી તેમા સહી કરી આપેલ હતી અને જેમા માસીક પાંચ ટકા લેણે એડવાન્સ વ્યાજ પણ શરુઆતથી જ કાપી લેવામા આવેલ. એ વાત ખરી નથી કે, તે જ રીતે આરોપીએ મને રુપીયા પાંચ લાખ તા. ૬/૯/૨૧થી તા. ૪/૩/૨૨સુધીમા છમાસ દરમ્યાન દૈનીક રુપીયા ૨૮૦૦/–ના હપ્તાથી છ માસની અંદર ચુકવી આપેલ અને તે બાબતે અમો દવારા આપવામા આવેલ ડાયરી દવારા અમારા માણસો મારફતે રકમ સ્વીકારી તેમા સહી કરી આપેલ હતી અને જેમા માસીક પાંચ ટકા લેણે એડવાન્સ વ્યાજ પણ શરુઆતથી જ કાપી લેવામા આવેલ. એ વાત ખરી નથી કે સને ૨૦૨૦–૨૧મા આરોપી મને રોજેરોજ તેમજ કયારેક અઠવાડીયે ભેગી રકમ આપતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે સમયે મારો નાણાં ધીરધારનો ધંધો ન હતો. એ વાત ખરી નથી કે, નીશાની ૧૭/૧ તથા નીશાની ૧૭/૨વાળી અસલ ડાયરી આપી તે સમયે આંક–૮વાળો એડવાન્સ ચેક આરોપી પાસેથી લીધેલો . એ વાત ખરી નથી કે, તેમ છતા પણ મે આરોપીને આંક–૮વાળો ચેક પરત આપેલ નહી. એ વાત ખરી નથી કે, અમારુ આરોપી પાસેથી કોઈ કાયદેસરનુ લેણુ બાકી નીકળતુ નથી. એ વાત ખરી નથી કે, હુ જણાવુ છુ તેવો ફરીયાદવાળો કોઈ વ્યવહાર મારી અને આરોપી વચ્ચે થયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ મને જવાબદારી પેટે ફરીયાદવાળો કોઈ ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે, અગાઉ મે સને ૨૦૨૦–૨૧મા આરોપીને નાણાં ધીરેલ તે વખતે હાલનો ચેક સીકયોરીટી પેટે લીધેલ. એ વાત ખરી નથી કે, આરોપીએ પુરેપુરી રકમ ચુકવી આપેલ હોવા છતા પણ ખોટી રીતે આટલા લાબા સમયબાદ આરોપી દવારા મેળવેલ અગાઉના ચેકનો દુરુપયોગ કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અને તેના સમર્થનમા આજરોજ હુ ખોટી જુબાની આપુ છુ.

ફેર તપાસ નથી.

તા.૧૭/૧/૨૦૨૫ મારી રૂબરૂ

દાહોદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા (એન.જી.સુરતી)

તે ખરી અને કબુલ રાખેલ છે. એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ

દાહોદ

(એન.જી.સુરતી)

એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ